# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 28-11-2024 Evening : 7.50 to 8.00
Day : THURSDAY National News

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ દેશમાં 25 લાખથી વધુ કલાકસબીઓ આવરી લેવાયા છે.
2) ઉજાલા યોજના હેઠળના એલઇડી બલ્બના કારણે સમગ્ર દેશમાં એક વર્ષમાં ચાર હજાર 800 કરોડ યુનિટ વીજળીની બચત થઇ છે
3) રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ જણાવ્યું છે કે, મહિલા સૈનિકોની હાજરી ધરાવતી ભારતીય સેનાની ક્ષમતાએ સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું છે.
4) ભારતીય ઉદ્યોગ મહામંડળ- CII ના વેપારમાં સરળતા અને નિયમનકારી બાબતો અંગેના પોર્ટલનો આજથી શુભારંભ થયો છે.
5) ઝારખંડ મુક્તિ મોર્ચાના વરિષ્ઠ નેતા હેમંત સોરેને ઝારખંડના મુખ્યમંત્રી તરીકે આજે શપથ લીધા છે.
6) ભારતના લક્ષ્ય સેન અને પી.વી.સિંધુએ લખનઉમાં રમાઇ રહેલી સૈયદ મોદી બેડમિન્ટન સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**LS - PM VISHWAKARMA**

દેશમાં 25 લાખથી વધુ કલાકસબીઓ પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ આવરી લેવાયા છે. કેન્દ્રિય સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગરાજય મંત્રી શોભા કરંદલંજે એ આજે લોકસભામાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના હેઠળ સપ્ટેમ્બર 2023થી ઓકટોબર 2024 સુધીમાં 2 હજાર 122 કરોડ રૂપિયા લાભાર્થીઓને મંજૂર કરાયા છે. તેમણે વધુમાં કહ્યું કે, આ યોજના હેઠળ 30 લાખથી વધુ કલાકસબીઓની નોંધણી કરવાની નેમ રાખવામાં આવી છે.

## LS HIGHSPEED TRAIN VANDE BHARAT

ભારતીય રેલવેએ 280 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ચલાવી શકાય તેવી હાઇસ્પીડ ટ્રેનની ડિઝાઇન અને ઉત્પાદનનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. કેન્દ્રિય રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે આજે લોકસભામાં જણાવ્યું હતું કે, BEML ના સાથ સહકારમાં સંકલિત રેલવે કોચ ફેકટરીએ આ પ્રોજેક્ટ હાથ ધર્યો છે.

સૂચિત પ્રોજેક્ટમાં ઉત્પાદિત થનાર ટ્રેનની કિંમત 28 કરોડ રૂપિયા જેટલી આંકવામાં આવી છે. બીજા એક પ્રશ્નના જવાબમાં રેલવેમંત્રીએ જણાવ્યું કે, વંદેભારત એક્સપ્રેસ ગાડીઓમાં પ્રવાસીઓની સંખ્યા લગભગ 100 ટકા જેટલી નોંધાઇ છે. વંદેભારત ટ્રેનની ગતિ ઘટાડવાની કોઇ દરખાસ્ત વિચારણા હેઠળ નથી અને આ ટ્રેનોની મહત્તમ ગતિક્ષમતાનો ઉપયોગ કરવાનો નિર્ણય લેવાયો છે.

રેલવેમંત્રીએ એક પ્રશ્નના જવાબમાં જણાવ્યું હતું કે, દેશભરની ટ્રેનોમાં રિઝર્વેશન વગરના કોચની સંખ્યા ઘટાડવાની દરખાસ્ત વિચારણા હેઠળ નથી. તેમણે કહ્યું કે, ચાલુ નાણાંકીય વર્ષમાં વિવિધ મેઇલ એકસપ્રેસ ટ્રેનોમાં 600થી વધુ જનરલ કલાસના કોચ જોડવામાં આવ્યા છે.

ભારતીય રેલવેએ 10 હજારથી વધુ નોન એસી તેમજ જનરલ સ્લીપર કોચનું ઉત્પાદન કરવાનું આયોજન કર્યું છે.

## LS - WOMEN PILOT

કેન્દ્ર સરકારે છેલ્લા ત્રણ વર્ષમાં 970 મહિલા પાયલટોને વ્યવસાયિક પાયલટ લાયસન્સ જારી કર્યા છે. કેન્દ્રિય નાગરિક રાજય ઉડ્ડયન રાજયમંત્રી મુરલીધરે વધુમાં જણાવ્યું કે, દેશની વિવિધ વિમાન કંપનીઓમાં કુલ 11 હજાર 775 પાયલટ કાર્યરત છે. જેમાં 767 મહિલા પાયલટ છે. તેમણે નાગરિક ઉડ્ડયન ક્ષેત્રમાં કૌશલ્ય વિકાસ માટે કેન્દ્ર સરકાર દ્વારા લેવાયેલા પગલાંની વિગતો આપી હતી. જેના ભાગરૂપે ભારતીય વિમાન મથક સત્તામંડળ દ્વારા ઉદાર ઉડ્ડયન તાલીમ સંસ્થાની નીતી જાહેર કરાઇ છે. આ પ્રકારની 11 જેટલી સંસ્થાઓ દેશભરમાં કાર્યરત છે.

## LS LED BULB

કેન્દ્ર સરકારની ઉજાલા યોજના હેઠળ ઉપયોગમાં લેવાતા એલઇડી બલ્બના કારણે સમગ્ર દેશમાં એક વર્ષમાં ચાર હજાર 800 કરોડ યુનિટ વીજળીની બચત થઇ છે તેમજ 4 કરોડ ટન કાર્બન ઉત્સર્જનનું પ્રમાણ ઘટાડી શકાયું છે.

કેન્દ્રિય વીજ રાજયમંત્રી શ્રીપાદ નાઇકે લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં વધુમાં જણાવ્યું હતું કે, આ યોજનાના કારણે દર વર્ષે 19 હજાર કરોડ રૂપિયાથી વધુની બચત શક્ય બની છે. તેમણે કહ્યું કે, ઉજાલા યોજના હેઠળ ઉર્જા કાર્યક્ષમ સેવા સંસ્થાએ 37 કરોડ એલઇડી બલ્બ, 77 લાખથી વધુ એલઇડી ટ્યુબ અને 24 લાખ ઉર્જા કાર્યક્ષમ પંખાઓનું વિતરણ દેશભરમાં કર્યું છે.

## LS SMART CITY

કેન્દ્ર સરકારે સ્માર્ટ સીટી મિશન હેઠળ દેશભરમાં આશરે એક લાખ 47 હજાર કરોડ રૂપિયાના ખર્ચે સાત હજાર 352 પ્રોજેકટ પૂર્ણ કર્યા છે. કેન્દ્રિય શહેરી બાબતોના રાજયમંત્રી તોખાન સાહુએ આજે લોકસભામાં જણાવ્યું હતું કે, 100 પૈકી 13 શહેરોએ આ યોજના હેઠળ બધા જ પ્રોજેક્ટો પૂર્ણ કર્યા છે. જ્યારે 48 શહેરોએ 90 ટકાથી વધુ પ્રોજેક્ટો પૂર્ણ કર્યા છે.

બીજા પ્રશ્નના જવાબમાં શ્રી સાહુએ જણાવ્યું હતું કે, સ્માર્ટ સીટી મિશન હેઠળ દેશભરમાં 8 હજાર 66 પ્રોજેક્ટો માટે 1 લાખ 64 હજાર કરોડના વર્કઓર્ડર અપાયા છે.

---

## PRESIDENT - NILGIRIS

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ જણાવ્યું છે કે, બધા જ વિભાગોમાં મહિલા સૈનિકોની હાજરી ધરાવતા ભારતીય સેનાની ક્ષમતાએ સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કર્યું છે.

આજે ઉટીમાં સંરક્ષક સેવા તાલીમ કોલેજમાં મુખ્ય સંબોધન કરતાં તેમણે વધુમાં કહ્યું કે, કામગીરી મુશ્કેલ હોય તેવી પરિસ્થિતમાં પણ મહિલા સૈનિકો કાર્યરત છે. આત્મનિર્ભર ભારત યોજના હેઠળ સંરક્ષણ ક્ષેત્રે ગુણવત્તાયુક્ત ઉપકરણોનું નિર્માણ દેશમાં થઇ રહ્યું છે. આના લીધે ભારત આજે વિશ્વના 100થી વધુ દેશોમાં ગુણવત્તાયુક્ત શસ્ત્ર સામગ્રીની નિકાસ કરી રહ્યો છે. રાષ્ટ્રપતિએ ભારપૂર્વક કહ્યું કે, ભારતે આંતરરાષ્ટ્રીય શાંતિના મુદ્દા સાથે ટેકનોલોજીનો વિકાસ હાથ ધર્યો છે. જેના લીધે ભવિષ્યના પડકારોને સરળતાથી પહોંચી શકાશે.

રાષ્ટ્રપતિએ ડીફેન્સ સર્વિસ સ્ટાફ કોલેજ ખાતેના સ્મૃતિ સ્થળે પુષ્પ ચઢાવીને શહીદોને અંજલિ આપી હતી. તેમણે કોલેજના તાલીમાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આવતીકાલે તેઓ આદિજાતિ સમુદાયના લોકો સાથે સંવાદ કરશે. તેમજ થિરૂવરૂર ખાતેની કેન્દ્રિય યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

## GOYAL - CII

ભારતીય ઉદ્યોગ મહામંડળ- CII ના વેપારમાં સરળતા અને નિયમનકારી બાબતો અંગેના પોર્ટલનો આજથી શુભારંભ થયો છે. કેન્દ્રિય વાણિજયમંત્રી પિયુષ ગોયલે આજે નવી દિલ્હીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં પોર્ટલનો શુભારંભ કરાવતાં

જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની નેશનલ સિંગલ વિન્ડો સિસ્ટમના કારણે વેપારમાં સરળતાનું પ્રમાણ વધ્યું છે. શ્રી ગોયલે વધુમાં જણાવ્યું કે,

## (બાઇટ-પિયુષ ગોયલ)

તેમણે જણાવ્યું કે, કેન્દ્ર સરકાર 300થી વધુ કાયદાઓમાં સુધારો કરવાનો પ્રયાસ કરી રહી છે. ત્યારે કાયદા ક્ષેત્રના છીંડાઓનો ઉપયોગ ઉદ્યોગ જગતે ટાળવો જોઇએ. આ પ્રવૃત્તિ યથાવત રહે તો વેપારક્ષેત્રે સરળતા લાવવાની તેમજ અર્થતંત્રને ગંભીર અસર થઇ શકે છે.

ઉલ્લેખનીય છે કે, CII નું પોર્ટલ કેન્દ્ર સરકાર અને CII દ્વારા વેપારમાં સરળતા લાવવા હાથ ધરાયેલી પહેલો અને જુદાજુદા પ્રોજેક્ટોની સ્થિતિ અને છેલ્લામાં છેલ્લી માહીતી આપશે.

## REV EVE. JHARKHAND CM - SWEARING-IN

ઝારખંડ મુક્તિ મોર્ચાના વરિષ્ઠ નેતા હેમંત સોરેને ઝારખંડના મુખ્યમંત્રી તરીકે આજે શપથ લીધા છે. રાજયપાલ સંતોષકુમાર ગંગવારે રાંચીમાં યોજાયેલા એક કાર્યક્રમમાં શ્રી હેમંત સોરેનને પદ અને ગુપ્તતાના શપથ લેવડાવ્યા હતા.

શ્રી સોરેન વિધાનસભામાં વિશ્વાસનો મત મેળવ્યા પછી રાજયમંત્રીમંડળની રચના કરશે. ઉલ્લેખનીય છે કે, ઝારખંડની વિધાનસભાની 81 બેઠકો પૈકી 56 બેઠકો ઇન્ડિયા ગઠબંધન જયારે 24 બેઠકો એનડીએ મોર્ચાએ જીતી લીધી છે.

આજે યોજાયેલા શપથવિધિ સમારંભમાં કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી, પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન અને આપ પક્ષના વડા અરવિંદ કેજરીવાલ ઉપસ્થિત રહ્યા હતા.

## REV. SYED MODI TOURNAMENT

**ભારતના લક્ષ્ય સેન અને પી.વી.સિંધુએ લખનઉમાં રમાઇ રહેલી સૈયદ મોદી બેડમિન્ટન સ્પર્ધાની ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.**

**પુરૂષોની સિંગલ્સમાં ભારતના લક્ષ્ય સેને ઇઝરાયેલના દાનિલ દુબોવેન્કોને પરાજય આપીને કવાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. તો બીજી તરફ પી.વી.સિંધુએ મહિલાઓની સિંગલ્સની પ્રિ-કવાર્ટર ફાઇનલમાં ઇરા શર્મા સામે વિજય મેળવીને કવાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. આ ઉપરાંત ઉન્નતિ હુડા, શ્રિયાંશી વાલીશેટ્ટીએ મહિલાઓની જયારે પ્રિયાંશુ રાજાવત, એમ.લુવાંગ અને આયુષ શેટ્ટીએ પુરૂષોના વિભાગની સ્પર્ધાની કવાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે.**

## RS---PAK-INDIAN-FISHERMEN

પાકિસ્તાને ગત જુલાઇ મહિનામાં આપેલી યાદી મુજબ પાકિસ્તાનની જેલમાં ગુજરાતના આશરે 139 સહિત કુલ 211 ભારતીય માછીમારો છે. વિદેશરાજયમંત્રી કિર્તીવર્ધનસિંહે આજે રાજયસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે વધુમાં કહ્યું કે, ભારતીય તટરક્ષકદળના જહાજ અને વિમાનો આંતરરાષ્ટ્રીય જળસરહદ નજીકના જળવિસ્તારમાં ચાંપતી નજર રાખીને ભારતીય માછીમારોને જરૂરી માર્ગદર્શન આપે છે. વિદેશરાજય મંત્રીએ વધુમાં જણાવ્યું કે, ભારતે આ અંગેની વિગતો સમયાંતરે અને નિયમિત રીતે આપવા પાકિસ્તાની સત્તાવાળાઓને નિર્દેશ આપ્યો છે.

## NCAP-ENVIRONMENT

**કેન્દ્ર સરકારે રાષ્ટ્રિય સ્વચ્છ વાયુ કાર્યક્રમ- NCAP હેઠળ હાથ ધરેલા પ્રયાસોના કારણે 130 શહેરો પૈકી 97 શહેરોની હવાની ગુણવત્તામાં સુધારો નોંધાયો છે. પર્યાવરણ રાજયમંત્રી કિર્તીવર્ધનસિંહે આજે રાજયસભામાં એક પ્રશ્નના લેખિત**

જવાબમાં જણાવ્યું હતું કે, વર્ષ 2017-18ની સરખામણીએ 55 શહેરોમાં વર્ષ 2023-24માં હવાના પ્રદૂષણમાં આશરે 20 ટકાનો ઘટાડો નોંધાયો છે.

ઉલ્લેખનીય છે કે, દેશના 130 શહેરોમાં હવાની ગુણવત્તા સુધારવાના હેતુથી વર્ષ 2019માં રાષ્ટ્રીય સ્વચ્છ વાયુ કાર્યક્રમ શરૂ કરાયો છે. આ કાર્યક્રમ હેઠળ વર્ષ 2019થી 2026ના સમયગાળા માટે 16 હજાર 539 કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે.